સુવિચાર : પરમાત્માને માર્ગે જવા પૈસા-પદ કે પ્રતિષ્ઠાના વૈભવની લેશમાત્ર જરુર નથી પરંતુ પ્રેમના વૈભવ વગર એ માર્ગ પર ડગલું ભરી શકાય તેમ નથી - ડો. પ્રણવ પંડ્યા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૧૦ | ૨૯ જૂન, ૨૦૧૫, સોમવાર ; અધિક અષાઢ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



યોગા દુનિયાભરના લોકોને એક સાથે જોડે છે : નરેન્દ્ર મોદી

Page-6

# સિવિલ હોસ્પિટલમાં ડાયાલીસીસ સેન્ટર બનશે

## ડાયાલીસીસ સેન્ટર અને આઈસીસીયુમાં ૨૦-૨૦ પથારીના બે અલાયદા વોર્ડ બનશે : ૧૦૦ પથારીની ક્ષમતાનો વધારો કરવા સહિત સેવાઓનું સઘનીકરણ કરાશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આગામી બે મહિનામાં કીડનીની સારવાર અને આઈ.સી.સી.યુ.ની આધુનિક સારવારનો આરંભ કરાશે તેમજ હાલની ૪૫૦ પથારીની ક્ષમતા વધારીને ૫૫૦ પથારીની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

જીએમઈઆરસીના અત્યંત વિશ્વસનીય સૂત્રોના જણાવ્યાનુસાર કીડની માટેનું ડાયાલીસીસ સેન્ટર શરૂ કરવામાં આવશે તેમજ આ યુનિટ માટે વીસ પથારીની સુવિધાવાળો અલાયદો વોર્ડ કાર્યરત કરવામાં આવશે. નવા સંકુલનો કબ્જો ૧૦ જુલાઈ સુધીમાં મળી જતાં આ માટેની જગ્યા ફાળવી દેવામાં આવશે.

કિડની ઈન્સ્ટીટ્યુટ અમદાવાદના માર્ગદર્શન હેઠળ આ ડાયાલીસીસ સેન્ટર વિકસાવવામાં આવશે તેમ આ સૂત્રોએ જણાવ્યું છે. આ માટે કિડની ઈન્સ્ટીટ્યુટ સાથેની વાતચીતો પણ પૂર્ણ થઈ ચુકી છે. ડાયાલીસીસ સેન્ટર માટેની સુવિધા અને મશીનરી ફીટીંગ્સ માટે એક માસથી વધુ સમય જશે જેથી લગભગ ઓગષ્ટના મધ્યભાગથી આ વોર્ડ કાર્યરત બનશે તે રીતે આયોજન કરાયું છે.

આ ઉપરાંત સિવિલ હોસ્પિટલમાં હાલ જે એક આઈસીસીયુ છે તે માત્ર ૮ પથારીની સુવિધા ધરાવે છે. તે પણ નવા સંકુલમાં ખસેડાશે અને તેની ક્ષમતા વધારીને ૨૦ કરવામાં આવશે. જેનાથી આઈસીસીયુની આધુનિક સારવાર ઉપલબ્ધ બનશે. આ આઈસીસીયુના ત્રણેક પ્રકાર હશે. આ ઉપરાંત સેમી આઈસીસીયુ પણ અલાયદો બનાવવામાં આવશે.

આ સૂત્રોએ જણાવ્યું છે કે હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જે ૪૫૦ પથારીની

● અનુસંધાન પાન-૭ પર



ગોઝારી દુર્ઘટના - ગાંધીનગરના તેજસ્વી યુવાન વસ્તલ ઉપાધ્યાયનો જે વિમાની દુર્ઘટનામાં કરૂણ મોત નીપજ્યુ તે વિમાન દુર્ઘટનાની તસવીરમાં કાટમાળ દશ્યમાન થાય છે...

# વત્સલનો પાર્થિવ દેહ આજે ગાંધીનગર લવાશે

ગાંધીનગર, તા. ૨૮

ક્રોએશિયામાં વિમાની દુર્ઘટનામાં જીવ ગુમાવનાર ગાંધીનગરના પાયલોટ વત્સલ પ્રકાશકુમાર ઉપાધ્યાયનો મૃતદેહ આજે મોડી રાત્રે ગાંધીનગર આવી પહોંચતા સોમવારે સવારે ૮.૩૦ વાગે તેના નિવાસસ્થાનેથી અંતિમયાત્રા આરંભાશે.

તા. ૨૬-૬-૧૫ના રોજ વત્સલ પ્રકાશકુમાર ઉપાધ્યાય સિનીયર ફર્સ્ટ ઓફિસર તરીકે લુફથાન્ઝા એરવેઝની ફિડર કંપની યુરોપીયન કોસ્ટલ એરવેઝમાં ટ્રેનીંગ ફલાઈટમાં ડયુટી પૂર્ણ કરી પેસેન્જર તરીકે જતાં ટેઈક ઓફ વખતે જ સર્જાયેલ અકસ્માતમાં જ સ્થળ પર જ મૃત્યુ પામ્યો હતો.

વત્સલનો મૃતદેહ આજે મોડી રાત્રે ગાંધીનગર આવી પહોંચ્યો છે. સ્પીલીટ સીટીથી ગાંધીનગર તેનો મૃતદેહ ગાંધીનગર સુધી પહોંચે તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી, રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ કેન્દ્રીય વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજની કચેરીએ કરેલી દરમિયાનગીરીથી સમગ્ર કાર્યવાહીને વેગ મળ્યો હતો.

## પ્રધાનમંત્રી, વિદેશમંત્રી, મુખ્યમંત્રી કાર્યાલય તથા અક્ષર પુરુષોત્તમ સંસ્થાના પ્રયાસો થકી આજે વહેલી સવારે મૃતદેહ ગાંધીનગર આવી પહોંચશે

વત્સલના પિતા પ્રકાશભાઈ ઉપાધ્યાય તથા કાકા નયનભાઈએ ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે શ્રી મિલિન્દ ગુપ્તે, અક્ષરધામ સંસ્થાના પ.પૂ. શ્રી આનંદસ્વરૂપ સ્વામીજી તથા શ્રી પ.પૂ. વિશ્વ વિહારી સ્વામીજીના સીધા માર્ગદર્શન તળે ગાંધીનગરના શ્રી નીતિનભાઈ છનિયારા, શ્રી જાગૃતભાઈ, શ્રી કાલરિયા સાહેબ, શ્રી પનીષભાઈ મિસ્ત્રી, લંડન અક્ષરધામના શ્રી સંજયભાઈની અથાગ મહેનતને કયા શબ્દોમાં વર્ણવવી તે ખબર જ પડતી નથી આ સૌની મહેનતથી મૃતદેહ અનેક અંતરાયો પાર કરી અહીં પહોંચ્યો છે.

શ્રી પ્રકાશભાઈ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે ગાંધીનગર શહેરના નામી-અનામી સૌ નગરજનોએ મને અને મારા પરિવારને જે હુંફ આપી આઘાતને સહન કરવાની શકિત પ્રદાન કરી છે તેનો આભાર શબ્દોમાં વ્યકત કરવો શકય નથી.

વત્સલ ઉપાધ્યાયનું પ્લેન ક્રેશ થયા બાદ તની ડેડ બોડી ગણતરીના સમયમાં જ ત્યાંના લોકોએ શોધી અને હોસ્પિટલ પહોંચાડી હતી.

તેમણે કહ્યું કે એન્જલની સાથે લુફથાન્સા એરવેઝની એક સિનીયર મહિલા અધિકારી પણ અંતિમ વિધિમાં હાજરી આપવા આવી રહેલ છે.

તેમણે કહ્યું કે શ્રીમતી એન્જલ ઉપાધ્યાયને ત્યાંના લોકોએ પણ જબરજસ્ત હુંફ આપી તેનું વર્ણન શકય નથી.

સોમવારે સવારે ૮.૩૦ વાગે સેકટર-૪ના પ્લોટ નં. ૨૪૯થી વત્સલની અંતિમ યાત્રા આરંભાશે. આજે પણ સતત ગાંધીનગરના રહીશો અને અગ્રણીઓ તેમના ઘરે ઉમટી પડયા હતા.

સે-૪-એમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે. વત્સલનો મૃતદેહ ક્રોએશિયાથી દોહા થઈ અમદાવાદ વિમાની મથકે અને અમદાવાદથી ગાંધીનગર સવારે ૫-૦૦ કલાકે આવી પહોંચશે.


## હાર્દિક અભિનંદન



**મનીષભાઈ આર. પ્રજાપતિ**

(અંબાપુર)

ખાખરીયા છાસઠ પ્રજાપતિ યુવા મંચ ગાંધીનગરના વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષ માટે પ્રમુખ પદે વરણી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન....

રામાભાઈ બી. પ્રજાપતિ (પેથાપુર)
સુરેશભાઈ એન. પ્રજાપતિ (નારદીપુર)
ધુર્જટી ડી. પ્રજાપતિ (પેથાપુર)
અશ્વિનભાઈ કે. પ્રજાપતિ (નારોલા)
અલ્પેશ વી. પ્રજાપતિ (સરગાસણ)
મનિષભાઈ જી. પ્રજાપતિ (ધમાસણા)
જયેશભાઈ જી. પ્રજાપતિ (ગાંધીનગર)
સૌરભ વી. પ્રજાપતિ (જીઈબી કોલોની, ગાંધીનગર)
નીલેશ બી. પ્રજાપતિ (જલુંદ)
પોપટલાલ એસ. પ્રજાપતિ (ગાંધીનગર)
અલ્પેશભાઈ એમ. પ્રજાપતિ (ગાંધીનગર)
ઈશ્વરભાઈ આર. પ્રજાપતિ (ગાંધીનગર)
ભરતભાઈ એમ. પ્રજાપતિ (ગાંધીનગર)
રમણલાલ એલ. પ્રજાપતિ (ગાંધીનગર)
નિલેશ પી. પ્રજાપતિ (ગાંધીનગર)
કમલેશ કે. પ્રજાપતિ (પેથાપુર)
રમણભાઈ પ્રજાપતિ (રૂપાલ)
કણવેશ બી. પ્રજાપતિ (પેથાપુર)


# પોલીસ ઈન્સ્પેકટરોની બઢતીનો ગોઠવાતો તખ્તો

## બઢતી માટેની ફાઈલને ગૃહ મંત્રાલય દ્વારા પણ મંજુર કરીને મુખ્યમંત્રીને મોકલી આપવામાં આવી છે

ગાંધીનગર, તા. ૨૮

રાજ્યના પોલીસતંત્રમાં પી.આઈ.માંથી ડી.વાય.એસ.પી. તરીકે બઢતી આપવા માટેની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે અને ટુંક સમયમાં બઢતી અને બદલીના હૂકમો કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

ગૃહ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં ડી.વાય.એસ.પી. સંવર્ગની ૨૦ થી વધુ જગ્યાઓ લાંબા સમયથી ખાલી પડી છે. આ જગ્યાઓ બઢતીથી ભરવા માટેની પ્રક્રિયા ગૃહ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પી.આઈ.માંથી ડી.વાય.એસ.પી.માં બઢતી આપવા માટે ડીપાર્ટમેન્ટલ પ્રમોશન કમીટી દ્વારા તમામ પ્રક્રિયાઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. તેમજ જી.પી.એસ.સી. દ્વારા પણ મંજુરી આપી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ બઢતી માટેની ફાઈલને ગૃહ મંત્રાલય દ્વારા પણ મંજુર કરીને મુખ્યમંત્રીને મોકલી આપવામાં આવી છે અને આગામી એક બે દિવસમાં પી.આઈ.માંથી ડી.વાય.એસ.પી.માં બઢતી આપતા હૂકમો કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ એક જ જગ્યાએ ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ફરજ બજાવતા ૨૦થી વધુ ડી.વાય.એસ.પી કક્ષાના અધિકારીઓની બદલીઓ પણ તખ્તો ગોઠવાઈ રહ્યો છે. અને આની સાથે જ બદલીઓનો પણ દોરૂ હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## લક્ષ્ય

**MISSION PAY BACK TO THE SOCIETY**

**સ્ટાફ સિલેક્શન કમિશન / બેંક ઓફિસર્સની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અનુસૂચિત જાતિના યુવક/યુવતિઓ માટેના કોચિંગ કલાસ**

આગામી ઓક્ટોબર-૨૦૧૫થી ડિસેમ્બર-૨૦૧૫ દરમિયાન લેવાનાર સ્ટાફ સિલેક્શન કમિશન તેમજ વિવિધ બેન્કોની બેન્ક ઓફિસર્સની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે 'લક્ષ્ય' તરફથી કોચીંગ કલાસ (તાલીમ વર્ગ)નું આયોજન કરવામાં આવેલું છે.

તારીખ ૧૫ જુલાઈ ૨૦૧૫થી સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ કલાક સુધી (રવિવાર સિવાય) કલાસ ચાલે તેમ 'લક્ષ્ય', ATRIA-B, બીજો માળ, સરગાસણ ચોકડી, સરખેજ-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર ખાતે શરૂ કરવામાં આવી રહ્યા છે.

વિદ્વાન વિષય નિષ્ણાત ફેકલ્ટીઝના માર્ગદર્શન હેઠળ સ્પર્ધાત્મક પરીક્ષાને અનુરૂપ જરૂરી મટીરીયલ્સ પૂરું પાડવામાં આવનાર છે. તાલીમ વર્ગ માટે ફીનું ધોરણ રૂા. ૫૦૦૦/- અને શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૨ પાસ, સ્નાતક, અનુસ્નાતકની નિયત કરવામાં આવી છે.

આ કલાસીસમાં જોડવા ઈચ્છતા અનુસૂચિત જાતિના યુવક/યુવતિઓ 'લક્ષ્ય'ના પ્રમુખશ્રી એમ. બી. પરમાર, આઈ.એ.એસ.(નિ.) - મો. ૯૮૨૫૦૩૧૩૮૩, 'લક્ષ્ય' કોર ગૃપના સભ્યશ્રી ડી. ડી. કાપડિયા જી.એ.એસ.-મો. ૯૮૨૫૩૦૦૭૨૯, અને શ્રી નટુભાઈ પરમાર, સંયુક્ત માહિતી નિયામક(નિ.) - મો. ૯૮૨૫૬૩૨૮૩૮ નો સંપર્ક કરી શકે છે.





